# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 05-07-2026 EVENING: 7.50 TO 8.00

Day: SUNDAY NATIONAL NEWS

## આકાશવાણી સમાચાર નિશા શ્રીમાળી વાંચે છે.

*****************************************************

1) કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જી રામજી મિશન (ગ્રામીણ) હેઠળ રાજ્યોને 25 હજાર કરોડ રૂપિયાની સહાય જાહેર કરી
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ઇન્ડોનેશિયા , ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડની છ દિવસની મુલાકાતે જશે
3) સરકારે તરલ પ્રાકૃતિક ગેસ - LNG ના પુરવઠા પરના કટોકટી પ્રતિબંધો હટાવી લીધા
4) ઇન્સ્ટાગ્રામ પર પેઇડ જાહેરાતોમાં બાળ જાતીય શોષણ અને દુર્વ્યવહાર સામગ્રીને પ્રોત્સાહન આપવા બદલ સરકારે મેટાને ચેતવણી આપી
5) હવામાન વિભાગે આજે ગુજરાત , કચ્છ, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર અને ઓડિશામાં મૂશળધાર વરસાદ થવાની આગાહી કરી

..........................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# UNION MINISTER SHIVRAJ SINGH CHOUHAN

કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે વિક સિત ભારત-રોજગાર અને આજીવિકા ગેરંટી મિશન (ગ્રામીણ) , VB-G રામજી-અધિનિયમ 2025 ના સફળ અમલીકરણ પર સંતોષ વ્યક્ત કર્યો છે. આ મિશન 1 જુલાઈથી અમલમાં આવ્યું છે.

શ્રી ચૌહાણે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા મિશન હેઠળ રાજ્યોને 25 હજાર કરોડ રૂપિયાની મુખ્ય સહાય જાહેર કરી. તેમણે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ગ્રામીણ વિકાસ મંત્રીઓ સાથે VB-G રામજી યોજનાઓના અમલીકરણની પણ સમીક્ષા કરી.

(BYTE: SHIVRAJSINH CHAUHAN)

# PRESIDENT - VP - PM - TEEJAN BAI

છત્તીસગઢની લોક સંસ્કૃતિને વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધિ અપાવનાર વિશ્વ વિખ્યાત પાંડવાણી ગાયિકા અને પદ્મ વિભૂષણ પુરસ્કાર વિજેતા ડૉ. તીજન બાઈનું આજે સાંજે દુર્ગ જિલ્લાના તેમના વતન ગનિયારી ખાતે રાજ્યકક્ષાએ અંતિમ સંસ્કાર કરવામાં આવ્યું. આ પ્રસંગે , જનપ્રતિનિધિઓ, વહીવટી અધિકારીઓ, કલાકારો, સાહિત્યકારો અને હજારો શોકાતુર લોકોએ લોક કલાના સુપ્રસિદ્ધ પ્રતિમાને અશ્રુભીની શ્રદ્ધાંજલિ આપી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ , ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પ્રખ્યાત પાંડવાણી ગાયિકા અને પદ્મ વિભૂષણ વિજેતા તીજન બાઈના નિધન પર શોક વ્યક્ત કર્યો છે.

# PM INDONESIA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ઇન્ડોનેશિયા , ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડની છ દિવસની મુલાકાતે જશે. શ્રી મોદી ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટોના આમંત્રણ પર જકાર્તાની મુલાકાત લેશે. તેમની મુલાકાત દરમિયાન, શ્રી મોદી શ્રી પ્રબોવો સુબિયાન્ટો સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. પ્રધાનમંત્રી જકાર્તામાં ભારતીય સમુદાયને પણ સંબોધિત કરશે.

વિદેશ સચિવ રુદ્રેન્દ્ર ટંડને જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીની ઇન્ડોનેશિયાની મુલાકાતમાં રાજદ્વારી બેઠકો તેમજ સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઓસ્ટ્રેલિયા મુલાકાત પહેલા , પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીઝે ભારતને એક મહત્વપૂર્ણ આર્થિક ભાગીદાર ગણાવ્યું. શ્રી અલ્બેનીઝે કહ્યું કે અમારા સંબંધો વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી પર આધારિત છે.

# PM - GUJARAT MINISTER DEMISE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પીઢ આદિવાસી નેતા અને ગુજરાતના ભૂતપૂર્વ વનમંત્રી મોહનસિંહ રાઠવાના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે કહ્યું કે , તેમને ગુજરાત વિધાનસભામાં ઘણા વર્ષો સુધી મોહનસિંહ રાઠવા સાથે કામ કરવાનો લહાવો મળ્યો.

શ્રી મોદીએ કહ્યું કે , આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ , જાહેર સેવા અને જનકલ્યાણમાં મોહનસિંહ રાઠવાના સમર્પણ અને યોગદાનને હંમેશા યાદ રાખવામાં આવશે.

# LNG RISTRICTION

સરકારે તરલ પ્રાકૃતિક ગેસ - LNG ના પુરવઠા પરના કટોકટી પ્રતિબંધો હટાવી લીધા છે. પશ્ચિમ એશિયાઈ સંઘર્ષમાં યુદ્ધવિરામ બાદ હોર્મુઝ સ્ટ્રેટમાંથી કુદરતી ગેસનો પુરવઠો ફરી શરૂ થયા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે એક સૂચનામાં જણાવ્યું હતું કે , નેચરલ ગેસ સપ્લાય રેગ્યુલેશન ઓર્ડર 2026 માં સુધારો કરવામાં આવ્યો છે.

(BYTE: JAGRUTI)

# OPEC OIL PRODUCTION

પેટ્રોલિયમ નિકાસ કરનારા દેશોનું સંગઠન ઓપેક પ્લસ આ વર્ષે ઓગસ્ટથી દરરોજ 1 લાખ 88 હજાર બેરલ તેલ ઉત્પાદન વધારવા સંમત થયું છે. આજે મળેલી વૈશ્વિક તેલ બજારની સ્થિતિની સમીક્ષા કરવા માટે યોજાયેલી વર્ચ્યુઅલ બેઠક બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

બેઠક પછી જા હેર કરાયેલા એક નિવેદનમાં , સાઉદી અરેબિયા , રશિયા, ઇરાક, કુવૈત, કઝાકિસ્તાન, અલ્જેરિયા અને ઓમાન સહિત સાત ઓપેક પ્લસ સભ્ય દેશોએ જણાવ્યું હતું કે બજાર સ્થિરતાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# META NOTICE

સોશિયલ મીડિયા સાઇટ ઇન્સ્ટાગ્રામ પર પેઇડ જાહેરાતોમાં બાળ જાતીય શોષણ અને દુર્વ્યવહાર સામગ્રીને પ્રોત્સાહન આપવા બદલ સરકારે મેટાને કડક ચેતવણી આપી છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર , સરકારે ઇન્સ્ટાગ્રામને એવી બધી જાહેરાતો અને સામગ્રી દૂર કરવાનો આદેશ આપ્યો છે જે આવી સામગ્રીને પ્રોત્સાહન આપે છે અને તેની ઍક્સેસને સરળ બનાવે છે.

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયે સાત દિવસની અંદર મેટા પાસેથી વિગતવાર સ્પષ્ટતા માંગી છે. સરકાર સમીક્ષા કરી રહી છે કે , મેટાએ ભારતના મધ્યસ્થી સુરક્ષા માર્ગદર્શિકાનું પાલન કર્યું છે કે નહીં.

# ICMR - MINDS - AWARDS

ભારતીય તબીબી સંશોધન પરિષદ - ICMR ની એક મુખ્ય પહેલ, ICMR-MINDS એ રાષ્ટ્રીય આરોગ્ય સંશોધન પ્રાથમિકતા પ્રોજેક્ટે, રાષ્ટ્રીય ઈ-ગવર્નન્સ એવોર્ડ્સ 2026 માં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. આ પુરસ્કાર કેન્દ્રીય કર્મચારી , જાહેર ફરિયાદ અને પેન્શન રાજ્ય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહ દ્વારા આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે, સમારોહને સંબોધતા ICMR ના ડાયરેક્ટર જનરલ ડૉ. રાજીવ બહલે જણાવ્યું હતું કે , ICMR ભારતના લોકોને સસ્તું, પ્રમાણિત અને ઉચ્ચ ગુણવત્તાવાળા આરોગ્ય સંભાળ મંચ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે.

# RAIN OVERALL

હવામાન વિભાગે આજે ગુજરાત, કચ્છ, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર અને ઓડિશામાં મૂશળધાર વરસાદ થવાની આગાહી કરી છે અને રેડ અલર્ટ જાહેર કર્યું છે. ગુજરાત અને મહારાષ્ટ્રમાં આજે ભારે વરસાદ થતા જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. દરમિયાન અમરેલીના ધાતરવાડી, ધાતરવાડી-2 સુરજવાડી અને રેડી, તથા સુરેન્દ્રનગરના ધોળીધજા બંધને હાઈઅલર્ટ પર રખાયા છે. બીજી તરફ રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં 64 ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો છે.

ડાંગ સહિત અમરેલી , ભાવનગર, ગીર સોમનાથ , નવસારી અને વલસાડ માં આવતીકાલ સુધી અત્યંત ભારે વરસાદની આગાહીને પગલે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને નીચાણવાળા વિસ્તારોમાં ન જવા અનુરોધ કરાયો.

# MAHARASHTRA - RAIN

મહારાષ્ટ્રમાં સતત ભારે વરસાદને કારણે સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે, અને રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે. પાણીના સ્તરમાં અચાનક વધારો થયા બાદ પોલીસે રાયગઢ જિલ્લાના આડોશી ધોધમાં ફસાયેલા 10 થી 12 પ્રવાસીઓને બચાવ્યા.

આ દરમિયાન, મુંબઈના કુર્લા વિસ્તારમાં આજે બપોરે ભારે વરસાદને કારણે એક દુકાન પર ઝાડ પડવાથી 63 વર્ષીય વ્યક્તિનું મોત નીપજ્યું હતું. બૃહદમુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને વરસાદને કારણે શહેરમાં વૃક્ષો પડવાની 64 ઘટનાઓ અને દિવાલ કે આંશિક ઘર ધરાશાયી થવાના આઠ બનાવો નોંધ્યા છે.

# UTTARAKHAND- KAILASH MANSAROVAR

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ આજે ચંપાવત જિલ્લાના ટંકાપુરથી કૈલાશ માનસરોવર યાત્રા 2026 ના પહેલા જથ્થાને લીલી ઝંડી આપી હતી. આ જથ્થામાં 49 યાત્રાળુઓ છે, જેમાં 34 પુરુષો અને 15 મહિલાઓ છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું કે , કૈલાશ માનસરોવર યાત્રા માત્ર ધાર્મિક યાત્રા નથી , પરંતુ આધ્યાત્મિક જાગૃતિ , સાંસ્કૃતિક એકતા અને રાષ્ટ્રીય સંવાદિતાનું પ્રતીક છે. તેમણે કહ્યું કે , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં , દેશમાં સનાતન સંસ્કૃતિને જાળવવા અને પ્રોત્સાહન આપવા માટે ઘણા ઐતિહાસિક પગલાં લેવામાં આવી રહ્યા છે. તેમણે તમામ યાત્રાળુઓને સલામત અને સફળ યાત્રાની શુભેચ્છા પાઠવી હતી.

# ICC WOMEN'S T20

આજે રાત્રે 8 વાગ્યે લોર્ડ્સ ખાતે ICC મહિલા T20 ક્રિકેટ વિશ્વ કપના ફાઇનલમાં ઓસ્રેNAલીયાએ ઈંગલેન્ડ સામે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે. બંને ટીમો અપરાજિત રહીને ફાઇનલમાં પહોંચી છે. ઓસ્ટ્રેલિયાએ સેમિફાઇનલમાં વેસ્ટ ઇન્ડીઝને હરાવ્યું હતું , અને ઇંગ્લેન્ડે દક્ષિણ આફ્રિકાને હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

# FIFA

ફિફા વર્લ્ડ કપમાં, બ્રાઝિલ આજે રાત્રે ભારતીય સમય મુજબ સવારે 1.30 વાગ્યે ન્યૂ જર્સીમાં 16માં રાઉન્ડની મેચમાં નોર્વે સામે ટકરાશે. આવતીકાલે સવારે 5.30 વાગ્યે અન્ય પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં ઇંગ્લેન્ડ મેક્સિકો સિટીમાં મેક્સિકો સામે ટકરાશે.